# હાઈપ્રોફાઈલ શરાબની મહેફિલ પર દરોડા : ૨૬૧ની અટકાયત

વડોદરા,તા. ૨૩

વડોદરા જિલ્લાના ભીમપુરા નજીક આવેલા અખંડ ફાર્મ હાઉસમાં ઉદ્યોગપતિ જીતેન્દ્ર શાહની પૌત્રીના લગ્ન પ્રસંગે આયોજિત શરાબની મહેફિલમાં બાતમીના આધારે વડોદરા જિલ્લા પોલીસે મોડી રાત્રે દરોડો પાડતા ખળભળાટ મચી ગયો હતો. જાણિતા ઉદ્યોગપતિ અને ઈન્ડિયન પ્રિમિયર લીગના પૂર્વ ચેરમેન ચિરાયુ અમીન સહિત મોટા ઉદ્યોગપતિ, બિલ્ડરો, વેપારીઓ અને તબીબોને પકડી પાડવામાં આવ્યા હતા. શરાબની મહેફિલમાં ૧૩૪થી વધુ મહિલાઓ સહિત ૨૬૧થી વધુ લોકો હજાર હતા. પોલીસે તમામની અટકાયત કરી હતી અને ત્યારબાદ તેમના સયાજી હોસ્પિટલમાં જરૂરી ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જરૂરી ટેસ્ટની વિધિ પુરી કરાયા બાદ જામીન ઉપર મુક્ત કરવામાં આવ્યા હતા. જો કે, પોલીસે ઉદ્યોગપતિ ચિરાયુ અમીન સહિત કેટલાક ઉદ્યોગપતિઓને રાહત પણ આપી હતી. ફાર્મ હાઉસ ઉપર મહેફિલ યોજાનાર જીતેન્દ્ર શાહની ધરપકડ કરવામાં આવી છે. તમામ મહિલાઓને મોડેથી છોડી મુકવામાં આવી હતી. રાજ્ય સરકારે દારુબંધીને લઈને કઠોર કાયદો અમલી બનાવી દીધો છે જેના લીધે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસને દારુનો જથ્થો પણ ત્યાંથી મળી આવ્યો હતો જેમાં ૧૦૩થી વધુ વિદેશી બ્રાન્ડની દારુની બોટલો, ૧૧૬ બિયરના ટીનનો પણ સમાવેશ થાય છે. મહેફિલમાં ચિરાયુ અમીન, તેમનો પુત્ર પ્રણવ અમીન, રાકેશ અગ્રવાલ, અજય રાયતા, અમિત ગોરડિયા અને એમએસ યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય ગીતા ગોરડિયા પણ ઉપસ્થિત હતી. આરોપો સાબિત થવાની સ્થિતીમાં તેમને ત્રણ ત્રણ વર્ષની સજા કરવામાં આવી શકે છે. પોલીસે બાતમીના આધાર પર વડોદરા નજીક એક ફાર્મ હાઉસમાં પાર્ટી કરતી વેળા પકડી પાડવામાં આવ્યા હતા. જ્યાં શરાબની પાર્ટી ચાલી રહી હતી. ગુજરાતમાં શરાબ પર પ્રતિબંધ છે. પોલીસે તેમની અટકાયત કર્યા બાદ તેમને પોલીસ સ્ટેશન લઈને પહોંચી હતી. તેમના મેડિકલ ટેસ્ટ કરવામાંઆવ્યા બાદ જામીન પર તમામને છોડી દેવામાં આવ્યા હતા. ચિરાયુ અમીન ગુજરાતના અગ્રણી ઉદ્યોગપતિ છે. તેઓ ફાર્મા ગ્રુપ અલેમ્બિક લિમિટેડના ચેરમેન છે. તેમની કંપનીના ટર્નઓવર તરીકે ૧૨૦૦ કરોડ રૂપિયાનો આંકડો છે. આઈપીએલના કમીશનર ઉપરાંત તેઓ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના વાઈસ પ્રમુખ તરીકેપણ રહી ચુક્યા છે. ભીમપુરા પાસેના અખંડ ફાર્મ હાઉસ પર જિલ્લા પોલીસે દરોડા પાડ્યા હતા. મહેફિલના સમય ૭૦થી વધારે મહિલાઓ પણ હોવાનુ જાણવા મળ્યુ છે. ફાર્મ હાઉસના માલિક અને મોટા કારોબારી જીતેન્દ્ર શાહની પૌત્રીની સગાઈ નિમિત્તે આ પાર્ટીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ૫૦થી વધુ પોલીસ કર્મચારીઓના કાફલાએ રાત્રે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ રેડ કરી હતી. પોલીસને ૧૦થી ૧૫ પેટી વિદેશી દારૂનો જથ્થો પણ મળી આવ્યો હતો. મોટા ભાગના લોકો નશામાં હતા. પોલીસે સમગ્ર મામલામાં તપાસ હાથ ધરી છે. દારુબંધીના નવા કાયદા પ્રમાણે ગંભીર ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરવામાં આવી છે. ધરપકડ બાદ તમામને છોડી મુકવામાં આવ્યા છે પરંતુ આ બનાવના કારણે ખળભળાટ મચી ગયો છે. પોલીસે કોઈ ક્રિકેટર સામેલ હોવાની વાતને નકારી કાઢી છે પરંતુ વહેલી સવારે જ ભૂતપૂર્વ ક્રિકેટર પણ હાઈપ્રોફાઈલ મહેફિલમાં સામેલ હોવાની વાત સપાટી ઉપર આવી હતી. ફાર્મ હાઉસમાં દરોડા પાડવામાં આવ્યા બાદ જ્યારે ચિરાયુ અમીનની અટકાયત કરી ત્યારે ઉદ્યોગપતિઓએ મિડિયા પ્રેમીઓ સાથે ઝપાઝપી કરી હતી.





વિન્ટર કાર્નીવલનો પ્રારંભ : ઈન્ફોસિટી ક્લબ ખાતે લવ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા યોજાયેલ વિન્ટર કાર્નીવલનો આજે ઉલ્લાસપૂર્વક વાતાવરણમાં પ્રારંભ થયો હતો. બાળકોએ નાતાલની ઉજવણીના ભાગરૂપે આબેહૂબ અભિવ્યક્તિ કરી હતી. લવ ઈન્ટરનેશનલ સ્કૂલનો કાર્નીવલ હજુ બે દિવસ ચાલુ રહેશે. જેમાં કોઈપણ ગ્રુપના, કોઈપણ બાળકો માટે પ્રવેશ ફી નથી.

# માંડવીકાંડમાં ન્યાયીક તપાસ માટે એસપીજીનું ઉપવાસ આંદોલન

**લાલજી પટેલ સહિત ગાંધીનગર એસપીજીના સભ્યો પીડીપીયુ રોડ પર ઉપવાસ પર બેઠા**



માંડવી ગામમાં મહિલા પર બળાત્કાર બાદ હત્યા પ્રકરણમાં આજ દિન સુધી કોઈ ગુનેગાર પકડાયા નથી. ન્યાયીક તપાસ માટે સરદાર પટેલ સેવા દળ ગાંધીનગર દ્વારા સરકાર અને પોલીસને અલ્ટીમેટમ આપ્યુ હતુ. પરંતુ હજૂ કોઈ ગુનેગાર ન પકડાતા ઉપવાસ આંદોલનની પોલીસ પાસે મંજુરી માંગવામાં આવી હતી. જો કે પોલીસે મંજુરી ન આપતા આજે પીડીપીયુ રોડ પર આવેલા ડી.એમ. સર્વિસ સ્ટેશન ખાતે ઉપવાસ આંદોલન શરૂ કર્યું છે. એસપીજી અધ્યક્ષ લાલજી પટેલ સહિત ગાંધીનગર એસપીજીના આગેવાનો ગૌરાંગ પટેલ, પુર્જાન પટેલ સહિતના આગેવાનો કાર્યકરો ઉપવાસ આંદોલનમાં જોડાયા છે.

## અસહમતિ

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

આવ્યા બાદથી તેને અમલીકરણ માટેના પ્રયાસો યુદ્ધના ધોરણે કરાઈ રહ્યા છે. જેટલીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, નાણામંત્રાલય અને રાજ્યના નાણા અધિકારીઓ દ્વારા નેશનલ સેલ્સટેક્સના ડ્રાફ્ટના મુદ્દા ઉપર સહમતિ થઈ ગઈ છે. જટિલ મુદ્દા ઉપર વાજબી પ્રગતિ થઈ છે. તેમણે કહ્યું હતું કે, ત્રીજી જાન્યુઆરીથી બે દિવસ માટે ફરી બેઠક મળશે. દેશમાં પહેલી એપ્રિલની સમય મર્યાદાને જાળવી શકાશે કે કેમ તેને લઈને જેટલીએ કોઈ વાત કરી ન હતી. ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સને દેશને સૌથી મહત્વકાંક્ષી ટેક્સ સુધારા તરીકે ગણવામાં આવે છે. જીએસટીને અમલી બનાવવા એપ્રિલની મહેતલને પાળી શકાશે કેમ તે અંગે પૂછવામાં આવતા નાણામંત્રીએ કહ્યું હતું કે, આના માટે તમામ પ્રયાસો થઈ રહ્યા છે. જીએસટી કાઉન્સિલની આગામી બેઠક મળે તે પહેલા રાજ્યોને વળતર આપવા માટે કાયદાના ડ્રાફ્ટને લઈને ચર્ચા કરવામાં આવનાર છે. જેટલીએ કહ્યું હતું કે, ત્રીજી અને ચોથી જાન્યુઆરીના દિવસે બેઠકમાં રાજ્યોના નાણામંત્રી સાથે બજેટના મુદ્દે પણ ચર્ચા થશે. જીએસટી અમલી બનાવી દીધા બાદ રેવન્યુના નુકસાન માટે રાજ્યોને વળતર દર બે મહિને ચુકવવામાં આવશે.

## કોર્ટ બિલ્ડીંગ

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પણ અગાઉ વારંવાર માંગ ઉઠવા પામી હતી. આ અંગે બાર એસોસિએશન દ્વારા પણ વારંવાર રજુઆત કરવામાં આવી હતી. પરંતુ ત્રણ મજલાના કોર્ટ બિલ્ડીંગમાં લીફ્ટ મુકવાની કામગીરી શક્ય ન બનતા વકીલોની માંગણી સંતોષાઈ ન હતી. જયારે હવે કોર્ટ બિલ્ડીંગને સાત મજલાની બનાવાની કાર્યયોજના તૈયાર થતા બિલ્ડીંગમાં લીફ્ટની સુવિધા પણ ઉભી કરવામાં આવશે. કોર્ટ બિલ્ડીંગની કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૮.૩૭ કરોડનો ખર્ચ થશે. કાર્યયોજના અન્વેય નકશા અંદાજો તૈયાર કરી દેવાયા છે. કોર્ટ સંકુલમાં આર સી સી રોડ પણ બનાવાશે. જયારે વાહન પાર્કીંગ માટે શેડ પણ તૈયાર કરાશે. જયારે કોર્ટ બિલ્ડીંગને અનુરૂપ ફર્નિચરની કામગીરી પણ હાથ ધરાશે. આ મામલે નજીકના સમયમાં ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવશે. જયારે કામગીરી શરૂ થતા બે મહીના જેટલો સમય લાગશે.

## સાહિત્ય વૃત્ત ● ૪

**પાનાનું ચાલુ...**

બાંધી હતી. આ કાર્યક્રમ અંતર્ગત 'દલિત સાહિત્ય અને વંચિતો' વિષય પર પરિસંવાદ યોજાયો હતો. 'ગુજરાતી સાહિત્ય અને વંચિતો વિશે રાઘવજી માધડના અધ્યક્ષપદે યોજાયેલ સત્ર-૧માં અશોક ચાવડા અને દલપત પઢિયારે વકતવ્યો આપ્યાં હતા. કવિ માધવ રામાનુજના અધ્યક્ષપદે યોજાયેલ સત્ર-૨માં શ્રીલતા હિરાણી અને ડૉ. મોહન પરમારે 'દલિત સાહિત્ય અને સમરસતાં વિશે વકતવ્યો આપ્યાં હતા. સંવેદના સમાજ' ના તંત્રી અનીતા પરમારે આવકાર આપી સમગ્ર પરિસંવાદનું સંચાલન કર્યું હતું.'

● કવિ પ્રવીણ દરજીને રણજિતરામ સુવર્ણચંદ્રક તા. ૧-૧૦-૨૦૧૬ના રોજ કવિ અને વિવેચક ધીરુભાઈ પરીખના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. દરજીએ 'કવિ કવિતા લખે છે અને નથી લખતો' એ વિષે ગંભીર સત્યની સમજ વિષે તથા નિબંધોમાં પોતાને અને જગતને પામવાની મથામણથી અને ડૉ. કુમારપાળ દેસાઈએ બાળપણથી એમને ખેડેલા જીવન સંઘર્ષો તેમની કૃતિમાં કેવી રીતે પ્રગટ્યા છે તેની વાત કરી હતી. ડૉ. નીતા ભગતે એમના સાહિત્ય સર્જનની અને ડૉ. પ્રફુલ્લ રાવળે એમનાં અનેકવિધ સ્વરુપોના ખેડાણની વાત કરી હતી. શ્રી આર. ટી. સાવલિયાએ આભારવિધિ કરી હતી જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન નલિની દેસાઈએ કર્યુ હતું.

- muljibhaidadhi@gmail.com

## ખોવાયેલ છે

રેમન્ડ ઈન્ડીયા કંપનીના શેર સર્ટીફિકેટ વિમલાબા રણુભા ગોહેલ તથા રણુભા બાલુભા ગોહેલના ફોલીઓ નંબર ૯૦૧૮૭૦, સર્ટી. નંબર (૫૧૪૩૨૨૩, ૫૧૪૩૨૨૪, ૫૧૪૩૨૨૫) ડીસ્ટ્રીક્ટીવ નંબર : ૫૪૦૩૧૧૫૧ થી ૫૪૦૩૧૩૦૦ના કુલ ૧૫૦ શેર ખોવાયેલ છે. આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિગતના સર્ટી. બાબતે કોઈએ કોઈપણ વ્યવહાર કરવો નહીં. તેમજ આ અંગેની કોઈને પણ જાણ થાય તો શેર ધારકના નીચેના નંબર પર સંપર્ક કરવો.

**રણુભા ગોહેલ - ગાંધીનગર**
**મો. : ૭૫૬૭૦૭૨૨૭૭**


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
જાગો ગ્રાહક જાગો
ગ્રાહક જાગૃતિ અભિયાન
"રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન"
૨૪મી ડિસેમ્બર ૨૦૧૬
"ગ્રાહક તકરારના ઝડપી નિકાલ માટે વૈકલ્પિક તકરાર નિવારણની વ્યવસ્થા"

ગ્રાહકના અધિકારો
✓ સલામતીનો
✓ માહિતી મેળવવાનો
✓ પસંદગીનો
✓ ફરિયાદ કરવાનો
✓ વળતર મેળવવાનો
✓ શિક્ષણ મેળવવાનો

ગ્રાહકોની ફરજો
- ખોરાકની ચીજવસ્તુઓમાં ભેળસેળ કરવી તે ગુનો બને છે
- બિલ-રસીદ લેવાનો આગ્રહ રાખો
- વજન-માપ, ગુણવત્તા તથા કિંમત જાણીને ખરીદો
- એગમાર્ક, એફપીઓ અને એચએસીસીપી માર્કાવાળા ખાદ્યપદાર્થો ખરીદવાનો આગ્રહ રાખવો
- હોલમાર્કવાળા આભૂષણો/ઝવેરાત/દાગીના ખરીદવાનો આગ્રહ રાખવો
- આપના સંબંધિત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરિયાદ દાખલ કરો
- ખરીદીમાં છેતરપિંડી થઈ હોય, અપૂરતી સેવા મળી હોય તો, માન્ય ગ્રાહક મંડળો અથવા જિલ્લામાં જિલ્લા પુરવઠા અધિકારી (કલેક્ટર કચેરી) ના અથવા મદદનીશ નિયંત્રક, કાનૂની માપ-વિજ્ઞાન અથવા તાલુકામાં મામલતદારશ્રી અથવા નિયંત્રક, કાનૂની માપ-વિજ્ઞાન અને નિયામકશ્રી, ગ્રાહક બાબતોની કચેરી, એમ.એસ. બિલ્ડીંગ, બી-બ્લોક બીજો માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગરનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવો. ફોનઃ ૦૭૯ ૨૩૨૧૦૦૧૫

આ સમય છે..... ગ્રાહક જાગૃતિ કેળવવાનો
અધિકારો અંગે સજાગ બનો અને ઉપાયોનો લાભ લો
અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર
સ્ટેટ કન્ઝયુમર હેલ્પ લાઈન નંબર : ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ (ટોલ ફ્રી)



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in